# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ
## સંશોધન સમિતિની બારમી બેઠકની કાર્યનોંધ

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની સંશોધન સમિતિની બારમી બેઠક તા. ૨૭/૦૧/૨૦૨૨ના રોજ બપોરે ૦૩:૩૦ કલાકે માન.કા.કુલપતિશ્રી ડૉ.લલિતકુમાર પટેલના અધ્યક્ષ સ્થાને કુલપતિશ્રીના કાર્યાલયમાં આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

(૧) ડૉ.લલિતકુમાર પટેલ, માન.કા.કુલપતિશ્રી

(૨) ડૉ.પ્રિ.એન.એલ.પંડયા

(૩) ડૉ.શત્રુઘ્ન પાણીગ્રહી

(૪) ડૉ.પંકજ એસ.રાવલ

(૫) ડૉ.બી.ઉમા મહેશ્વરી

(૬) ડૉ.કાર્તિક પંડયા, સભ્ય સચિવ

સૌ પ્રથમ સંશોધન અધિકારીશ્રી દ્વારા તમામ સભ્યશ્રીઓનું સ્વાગત–અભિવાદન કરવામાં આવ્યું. ત્યારબાદ માન.કુલપતિશ્રીની સહમતિ મેળવી તમામ મહાનુભાવોને સંશોધન સમિતિ બેઠકનાં એજન્ડા વિષે જણાવવામાં આવ્યું હતું અને તે અંગે એજન્ડા પર ચર્ચા વિચારણા કરી તમામ મહાનુભાવોનું મંતવ્ય મેળવી અને નીચે મુજબનાં નિર્ણયો કર્યા.

(૧) પીએચ.ડી.માર્ગદર્શક તરીકે આવેલ કુલ પાંચ અરજીઓની ચકાસણી કરવામાં આવી અને પીએચ.ડી.નાં માર્ગદર્શકશ્રી તરીકેની માન્યતા આપવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી. જેમાં ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટનાં પીએચ.ડી.નાં માર્ગદર્શકશ્રીની માન્યતા આપવાનાં નિયમો ચકાસી સમિતિ ભલામણ કરે છે કે જે તે અધ્યાપકશ્રી/અધ્યાપકશ્રીનો પી.જી./સંશોધન ૨ વર્ષ ,યુ.જી.માં ૩ વર્ષનો અધ્યાપનનો (યુ.જી.સી.પે સ્કેલમાં) અનુભવ હોવો જોઈએ. આ ઉપરાંત પીએચ.ડી.ની પદવી મળ્યાનાં ૨ વર્ષ પછી જ માન્યતા આપવા સમિતિ ભલામણ કરે છે.

સમિતિનાં સભ્યશ્રી ડૉ.એન.એલ.પંડયાએ પોતાનું સુચન કરેલ છે પીએચ.ડી.નાં માર્ગદર્શકશ્રી તરીકે માન્યતા આપવા અંગેનાં નિયમો યથાવત/પૂર્વવત/હાલમાં જે છે એ જ રાખવા એમ તેમનો સ્પષ્ટ અભિપ્રાય છે.

(૨) પીએચ.ડી.નાં શોધછાત્રોને આપવામાં આવતા પ્રમાણપત્રો જેવા કે પીએચ.ડી.પરીક્ષા પાસ થયાનું પ્રમાણપત્ર, રજી.પ્રમાણપત્ર,કોર્ષ વર્કનું પ્રમાણપત્ર વગેરે જો કોઈ સંજોગોમાં વિદ્યાર્થીને ડુપ્લીકેટ કઢાવવાનું થાય તો તે અંગે વિદ્યાર્થી પાસેથી રૂા.૧૦૦/– ફી લઈ તેઓને ડુપ્લીકેટ પ્રમાણપત્ર આપવું તેમજ પીએચ.ડી.નાં વિદ્યાર્થીઓને આપવાનાં થતા આઈ.કાર્ડની ફી રૂા.૫૦/– લઈ આઈ.કાર્ડ આપવાનું નકકી કરવામાં આવ્યું. જેમાં નકકી કરવામાં આવ્યુ કે જે વિદ્યાર્થીઓ કેમ્પસ પર રહી પીએચ.ડી. કરે છે અને માંગણી કરે તેવા વિદ્યાર્થીઓને જ આઈ.કાર્ડ આપવું અન્ય કોઈ વિદ્યાર્થીઓને આઈ.કાર્ડ આપવું નહી તેમ નકકી કરવામાં આવ્યું.

(૩) પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષા લીધા બાદ જો જે તે વિષયનાં માર્ગદર્શકશ્રી પાસે જગ્યા ન હોય અને વિદ્યાર્થી પ્રતીક્ષા યાદીમાં આવતો હોય તો તેમને કોર્ષ વર્ક કરાવવો કે કેમ તે અંગે ચર્ચા કરી નિર્ણય કરવામાં આવ્યો કે જે વિદ્યાર્થીઓ પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષા પાસ કરે તેવા તમામ વિદ્યાર્થીઓને પીએચ.ડી.નો કોર્ષ વર્ક કરાવવો.

(૪) ચાલુ વર્ષે પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષા લેવી કે કેમ તે અંગે આગામી સંશોધન સમિતિની બેઠકમાં નિર્ણય કરવો તેમ નકકી કરવામાં આવ્યું.

(૫) પીએચ.ડી.નાં માર્ગદર્શકશ્રીને યુ.જી.સી.નાં નિયમાનુસાર વિદ્યાર્થીઓ ફાળવવામાં આવતા હોય છે તેઓને તેમને ફાળવવામાં આવતા વિદ્યાર્થીની સંખ્યાથી વધુ વિદ્યાર્થીઓ ફાળવવા કે કેમ તે અંગે આગામી સંશોધન સમિતિની બેઠકમાં નિર્ણય કરવો તેમ નકકી કરવામાં આવ્યું.

બેઠકનાં અંતે સંશોધન અધિકારીશ્રીએ તમામ સભ્યશ્રીઓનો આભાર વ્યકત કરેલ હતો અને ઉપરોકત જે નિર્ણય લેવાયેલ છે તે નિર્ણયને આગામી એ.સી.ની બેઠકમાં મંજૂરી/બહાલી અર્થે રજૂ કરવા ભલામણ કરેલ છે. તેમજ અન્ય જે નિર્ણય બાકી છે તે આગામી સંશોધન સમિતિમાં એજન્ડા તરીકે લેવા તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવેલ છે.

(ડો.કાર્તિક પંડયા)
સંશોધન અધિકારી